# વીસમી સદીનો પહેલો નરસંહાર : આર્મેનિયન નરસંહાર

બે વિસ્તારવાદી શક્તિશાળી દેશો વચ્ચે આવેલા વિશિષ્ઠ સાંસ્કૃતિક વારસો ધરાવતા નાના દેશને ભાગે તો સહન કરવાનું જ વધારે આવે. ‘આવો જ એક ટચૂકડો દેશ આર્મેનિયા. તુર્કી, રશિયા, ઇરાન વચ્ચે દબાયેલો. એક સમયે બૃહદ આર્મેનિયાનો મોટો વિસ્તાર હતો પણ આસપાસના દેશોએ તેને કોતરી ખાધા પછી હવે બચ્યો છે એક નાનો ટુકડો. ઈસ. બીજી–ત્રીજી સદીમાં જ ખ્રિસ્તીધર્મને રાજધર્મ તરીકે સ્વીકારનારો જગતનો પહેલો દેશ. જગતનું જૂનું ચર્ચ પણ આ દેશમાં. પોતાની અલગ ભાષા અને સંસ્કૃતિ ધરાવતા આ દેશ પર ક્યારેક તુર્કોએ રાજ કર્યું, ક્યારેક મોંગોલોએ તો ક્યારેક રશિયનોએ. આર્મેનિયનો તો ભોગ જ બન્યા. 1915માં એક એવી ક્રૂર કરૂણ ઘટના બની કે આર્મેનિયનોને પોતાનો દેશ છોડી ભાગીને વિશ્વના બીજા દેશમાં વસવું પડ્યું. આજે આર્મેનિયાની વસ્તી કરતાં ત્રણ ગણાં વધારે આર્મેનિયન ડાયાસ્પોરા જગતભરમાં વસે છે.

2015નો 24મી એપ્રીલનો દિવસ એટલે આપણા માટે બે હજાર પંદરની સાલના એપ્રિલ મહિનાનો એક દિવસ પણ જગતભરમાં ફેલાયેલા લાખો આર્મેનિયનો માટે તેમના પૂર્વજોના

નરસંહારના શતાબ્દિવર્ષનો આરંભ. વિધિની વક્રતાતો એ છે કે 1939માં હીટલરે પોલેન્ડ પર હુમલો કરી નિર્દયી રીતે પહેલાં પોલેન્ડવાસીઓને અને પછી યુહદીઓને જે વ્યવસ્થિત રીતે લુંટ્યા, દેશ નિકાલ થવા ફરજ પાડી, પકડી પકડીને કેમ્પોમાં ઠાલવ્યાં ને યોજનાબધ્ધ જે રીતે માર્યા તે વિચારનું મૂળ આ આર્મેનિયન નરસંહારમાં છે. 1939ના ઑગસ્ટના એક ભાષણમાં તો હિટલરે વિસ્તારવાદી મહત્વાકાંક્ષા સંતોષવા આવા પગલાંને અનિવાર્ય ગણાવ્યું અને નફફટ થઈ ને કહ્યું પણ ખરું "આજે આર્મેનિયનોને કોણ યાદ કરે છે?" વીસમી સદીએ નાઝીઓ દ્વારા યહુદીઓનો, કંબોડિયામાં પોલ પોટનો કે પછી આફ્રિકાના રવાંડામાં જે વંશીય નરસંહાર જોયો તેમાં પ્રમાણમાં ઓછો જાણીતો પણ પ્રથમ નરસંહાર હતો આર્મેનિયનોનો.

વરસોના વસવાટ છતાં તુર્કોના ઓટોમન સામ્રાજ્યમાં એસિરિયન, ગ્રીક કે આર્મેનિયન લઘુમતિઓનું સ્થાન બીજા દરજ્જાનું જ રહેતું. ઓગણીસમી સદીના અંતે પૂર્વયુરોપ સુધી ફેલાયેલા ઓટોમન સામ્રાજ્યના વળતાં પાણી થયાં તે પછી તે વિસ્તારમાં વસતાં મુસ્લીમોને તુર્કી અને આર્મેનિયામાં હિજરત કરી વસવું પડ્યું. પ્રમાણમાં સંપન્ન આર્મેનિયનો મુસ્લીમોની છુપી ઈર્ષાનો ભોગ બન્યા અને રાજ્યસત્તા તેમને પક્ષે – મુસ્લીમોના પક્ષે હતી તેથી આર્મેનિયનો રંજાડનો ભોગ બન્યા – અને આર્મેનિયનોમાં આ અંગે છુપો અસંતોષ પણ હતો. આર્મેનિયનો સ્વતંત્રતા માટે વિદ્રોહ વિપ્લવ કરે તે તુર્કોને પોસાય નહીં. એવામાં પ્રથમ વિશ્વયુદ્ધ છેડાયું ને તુર્કોને એક બહાનું મળી ગયું.

તુર્કોએ આર્મેનિયનો દુશ્મનદેશ રશિયાના મળતિયા છે તેવી હવા ફેલાવી વરસોથી તુર્કી લશ્કરમાં સેવા આપતા આર્મેનિયન ઓફિસરોને નીચલી પાયરીએ ઉતારી દીધાં. આર્મેનિયનોમાં લોક જુવાળ ન ફેલાય તે માટે આર્મેનિયન ભાષામાં નીકળતું છાપું બંધ કર્યું. તુર્કી સરકારની રહેમ નજરે અંતરિયાળ ગામડાંઓમાં વસતા આર્મેનિયનોને રંજાડવાનું શરૂ થયું. તેના ઘરો ખેતરો મિલકતો ઉપર તુર્કી મુસ્લીમોએ કબજો જમાવ્યો. આર્મેનિયનોને પોતાનાંજ દેશમાંથી મારી ઉખેડી જલાવતન કરવાના વ્યવસ્થિત દુષ્ટ ષડયંત્રનો આરંભ થયો. 1915ની 24મી એપ્રીલથી. એ દિવસે ઇસ્તંબુલમાંથી અઢીસો જેટલા આર્મેનિયન રાજકારણીઓ બૌદ્ધિકોને પકડી લઈ તેમની ક્રુર હત્યા કરવામાં આવી કે જેથી કોઈ બળવો ન કરી શકે. આર્મેનિયાની ઓળખ સમા અનેક ચર્ચો – મોનાસ્ટરી – મઠોને તોડી પાડવામાં આવ્યા. તેની મસ્જીદો બનાવી નાખવામાં આવી કે તેનું અપમાન કરવા તેનો ગાયોની ગમાણ તરીકિ ઉપયોગ કરવામાં આવ્યો. હજારો સ્થાપત્યોમાંથી

દસ ટકા જેટલાં જ બચવા પામ્યાં. આર્મેનિયન યુવાન પુરૂષોને ઠેક ઠેકાણેથી પકડી તેને ભેગાં કરી તેમની સામૂહિક હત્યા કરવામાં આવી. ગામો બાળવામાં આવ્યા ને મિલકતો લુંટી લેવામાં આવી. જુવાન આર્મેનિયનોની કતલ પછી વારો આવ્યો સ્ત્રીઓ વૃદ્ધો અને બાળકોનો. ગામે ગામથી તેમને ભેગા કરવામાં આવ્યાં અને લશ્કરી પહેરા વચ્ચે તેમને ફરજિયાત દેશ બહાર ધકેલવામાં આવ્યાં સિરિયાના રણ ભણી. લાખો ભુખ્યાં તરસ્યાં અસહાય લોકોની મૃત્યુ કૂચ – ડેથ માર્ચ ચાલતી હતી. બાળકોને તલવારબાજીનો ભોગ બનાવ્યા તો સ્ત્રીઓ પર સૈનિકોએ બળાત્કાર ગુજાર્યો. લાખો અસહાય આર્મેનિયનો કૂચ કરતાં રહ્યાં. ભુખ્યાં તરસ્યાં, થાક્યા માંદા રસ્તામાં જ મરતાં રહ્યાં. થોડાં નસીબદાર બચ્યાં તેમને એક મોટી ગુફામાં પુરી સળગાવી દેવામાં આવ્યાં. જે જીવ્યા તે બળેલા સાથીઓનું માંસ ખાઈ બચ્યાં અને સિરિયા, લેબેનોન રશિયા થઈ અનેક દેશોમાં સ્થિર થયાં. તેમના પર રોગના જીવાણું શરીરમાં દાખલ કરવાના, મોર્ફિનની અસરના ને ઝેરી ગેસના અનેક મેડિકલ અખતરા કરવામાં આવ્યાં. જાણે નાઝી અત્યાચારનું જ એક ટ્રેલર!

અત્યારે દુનિયભરમાં વસેલા આર્મેનિયનોના વડવાઓએ આ આતંક પછી આર્મેનિયા છોડ્યું. માટે જ તો 24મી એપ્રીલ એ દુનિયાભરના આર્મેનિયનો માટે તેમના કમનસીબ મૃત વડવાઓને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે. દુનિયાભરના અનેક દેશોમાં વસતાં આર્મેનિયનોએ 1915ના નરસંહારમાં મૃત્યુ પામેલાઓ માટે શરીદ સ્મારકો બનાવ્યા છે અને 1915ની 24 એપ્રીલે એ ઘટનાનું શતાબ્દિ વર્ષ મનાવવાનું નક્કી કર્યું છે. જેમ પછીની જર્મન સરકારે બીજા વિશ્વયુદ્ધની ખુવારી અને ખાસ તો યહુદીઓના નરસંહાર માટે કબુલાત કરી માફી માગી છે. તેવી માફી આજે સો વરસ પછી પણ તુર્કી માગવા તૈયાર નથી. તેમના મતે તો એ ઘટના એ યુદ્ધનો જ ભાગ હતી – નરસંહાર નહીં. વિખ્યાત તુર્કી લેખક ઓરહાન પામુકે તુર્કી સરકારે આ આતંકની નૈતિક જવાબદારી લઈ તેના પ્રાયશ્ચિત રૂપે આર્મેનિયનોની માફી માગવી જોઈએ એવો મત વ્યક્ત કર્યો તો તુર્કીના પ્રેસીડેન્ટે ઓરહાન પામુક તુર્કી પ્રજાના તુર્ક દેશના વિરોધી – દેશ દ્રોહી છે તેવો આરોપ લગાવ્યો. હાલના પોપે પણ વીસમી સદીના આ પહેલા નરસંહારની તુર્કીએ જવાબદાર લેવી જોઈએ તેવું કહ્યું તો પણ તુર્કી સરકાર એ સ્વીકારવા જ તૈયાર નથી. એ નરસંહારમાં બચેલા અનેકોની મુલાકાતો, એ સમયના તુર્કી દસ્તાવેજો અને એ ઘટનાના ફોટોગ્રાફ્સ અને ફિલ્મનું ફુટેજ હોવા છતાં તુર્કી સરકાર તેનો ઇન્કાર કરી રહી છે અને અમેરિકા તેના દેશની

કંપનીઓના હિતો સાચવવા અને તુર્કીના વ્યુહાત્મક મહત્વને લીધે ચૂપ બેઠું છે. અમેરિકાના આ બેવડા ધોરણ સામે જગતભરના આર્મેનિયનોને રોષ છે પણ જગત જમાદાર બીગ બ્રધર પોતાના સ્વાર્થ વગર કશું કરે એ સંભવ જ નથી. વીસમી સદીના આ પહેલાં નરસંહાર પર ઘણી ડોક્યુમેન્ટરી બની પુસ્તકો લખાયાં આ શતાબ્દિ વર્ષે 1915 નામની ફિલ્મ પણ આવશે પણ પેલાં પંદર લાખ આર્મેનિયનો કમોતે મર્યા તેનું શું? તેનો જવાબ કોઈ પાસે નથી.

■

# નાનકીંગ હત્યાકાંડ-1 : શું માણસ આટલી બિભત્સ રીતે ક્રૂર થઇ શકે?

**માનવહિંસાના** ઇતિહાસમાં એક ક્રૂર જઘન્ય હત્યાકાંડ હતો નાનકીંગ હત્યાક્રાંડ. બીજા વિશ્વયુદ્ધ પહેલાં જાપાનના શાહી લશ્કરે તે વખતના ચીનના પાટનગર નાનકીંગ શહેરમાં આચરેલો હત્યાક્રાંડ. 1928માં ચીયાંગ-કાઈ-શેકની ચાઈનીઝ નેશનાલીસ્ટ સરકારે બેજીંગમાંથી પાટનગર ખસેડી યાંગત્સે કિનારે વસેલા નાનકીંગ શહેરમાં સ્થાપ્યું. તે વખતે તેની વસ્તી હશે માંડ અઢી લાખની. પણ બીજા ચીન-જાપાન યુદ્ધ દરમ્યાન જાપાન દ્વારા જીતાયેલા પ્રદેશોમાંથી ભાગી છુટેલા શરણાર્થીઓ નાનકીંગમાં વસવા લાગ્યા અને વસ્તી વધી. 1937ના નવેમ્બરમાં ચીનના ઉત્તરી પ્રદેશો જીતી લીધા પછી જાપાની લશ્કરે નાનકીંગને ઘેર્યું. 9મી ડીસેમ્બરે મોટો હલ્લો કર્યો ને 12મી ડીસેમ્બરે નાનકીંગ પડ્યું. 13મી ડીસેમ્બર સંપૂર્ણ રીતે જાપાનના કબજામાં આવ્યું. નાનકીંગ પતન પછીના દોઢ મહિના દરમ્યાન અહીં જઘન્ય હત્યાકાંડ આચરાયો.

યુદ્ધ સમયે નાનકીંગ શહેરમાંથી ભાગી છૂટવા હજારો નાગરિકો યાંગત્સે નદીના કિનારે આવ્યા. કેટલીક બોટો હતી તેને જાપાનીઓએ ડૂબાડી. જીવ બચાવવા કેટલાકે નદીમાં

ઝંપલાવ્યું. કાંઠે રહેતા હજારો ચીની નાગરિકો પર મશીનગનથી ધાણીફુટ ગોળીઓ છોડવામાં આવી. યાંગત્સે નદી હજારો મૃતદેહોની જાણે વહેતી કબર બની. લોહીથી લાલ થયેલા યાંગત્સેના પ્રવાહમાં હજારો શબો છેક શાંધાઈ સુધી તણાયા. એક અંદાજ મુજબ તે એક જ ઘટનામાં પચાસ હજાર જેટલા નાગરિકોને મોતને ઘાટ ઉતારાયા. જાપાની લશ્કરે બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અપનાવેલી 'Three all' ફોર્મ્યુલાનું જાણેકે નાનકીંગમાં રીહર્સલ કર્યું. 'થ્રી ઓલ- એટલે બધાને મારી નાખો, બધું લુંટો ને બધું બાળો. નાગરિકો પાસેથી રોકડ પૈસા ઝર ઝવેરાત, કીંમતી વસ્તુઓ લૂંટ્યા પછી તેમના મકાનો બાળ્યા. બળતા ઘરને ઠારવા કોઈ આવે તો તેમને જીવતા ભભૂકતી આગમાં ધકેલીને માર્યા.

નાનકીંગ હત્યાકાંડમાં માણસને ક્રૂર રીતે મારવાની શક્ય એટલી તમામ રીતો અજમાવાઈ. માણસોને ગેસોલીન છાંટી જીવતા સળગાવાયા, જીવતા દાટયા, દિવાલ પર માથું અફળાવીને, વૃક્ષો સાથે ખીલે ઠોકીને, જીભથી બાંધી લટકાવીને મારવામાં આવ્યા તેમના પર લોહીભૂખ્યા શિકારી કૂતરાઓ દોડવામાં આવ્યા; આંખમાં સળિયા તો સ્ત્રીઓની યોનિમાં તિક્ષ્ણ હથિયાર ઘોંચવામાં આવ્યા. તલવારથી માથા વાઢી, વઢાયેલા માથાનો ઢગલો કરવામાં આવ્યો કે જ્યાં ત્યાં લટકાવવામાં આવ્યાં. શહેરના યુવાનોને સૈનિકોએ મશીનગનથી વીંધી બેયોનેટ ઘોંચીને માર્યાં. એ દિવસોમાં નાનકીંગની અનેક શેરીઓ શબનો ઢગલામાં દટાણી.

એ દિવસોમાં હજારો સ્ત્રીઓ પર પાશવી બળાત્કાર થયો. એક અંદાજ મુજબ 80 હજાર સ્ત્રીઓ તેનો ભોગ બની. નાની બાળકીઓ, સગર્ભાઓ અને વૃધ્ધાઓને પણ આ ઘાતકી સૈનિકોએ ન છોડી. આ બળાત્કારમાં બૌધ્ધ સાધ્વીઓ પણ બાકાત ન રહી. બૌધ્ધ મઠોમાં જ ગેંગરેપ થયો. જાહેરમાં પરિવારના સભ્યો સામે જ જાપાનીઝ સૈનિકોએ બળાત્કાર કર્યો. હદ તો ત્યારે થઈ કે પિતાને પોતાની જ પુત્રી સાથે, પુત્રને માતા સાથે કે મરેલા માણસના શબ સાથે સંભોગ કરવાની ફરજ પાડવામાં આવી. ક્રુરતાની હદ તો ત્યારે આવી કે નાના બાળકોને ઊંચે ઊછાળી બેયોનેટની અણીથી હવામાં કેચ કરવામા આવ્યા! બે જાપાની લશ્કરી અફસરોએ તો તલવારથી માથું વાઢી માણસોને મારી નાખવાની રીતસરની સ્પર્ધા કરી. નાગરિકોએ સ્વરક્ષણ માટે ખોદેલી ખાઈઓને મડદા વડે જ પુરવામાં આવી. તે પછી મડદા ભરેલી ખાઈ પરથી ટેંક ચલાવવામાં આવી.

યુદ્ધ દરમ્યાન નાનકીંગનાં જે વિસ્તારમાં એલચી કચેરીઓ, શિક્ષણ સંસ્થાઓ

અને વિદેશી નાગરિકો વસતા હતા તે વિસ્તારને સેફ્ટી – ઝોન તરીકે ઓળખવામાં આવતો. જાપાન સાથે થયેલ એક સંધિ મુજબ આ વિસ્તારમાં જાપાની લશ્કરનો આંતક લગભગ નહીવત્ હતો. એ સેફ્ટીઝોન વિસ્તારના સંચાલન માટે એક કમિટી બનાવવામાં આવી હતી. તે કમિટીના મુખ્ય સુત્રધાર જર્મન નાઝી જ્હોન રાબે અને એક અમેરિકન સાધ્વી મિનિ વોલ્ટ્રીંનના પ્રયત્નોથી શરણે આવેલા લગભગ અઢી લાખ લોકોને બચાવી શકાયા. 'ટ્રીબ્યુનલ ઓફ ધ ફાર ઇસ્ટ'ના અંદાજ પ્રમાણે આ હત્યાકાંડમાં નાનકીંગના બે લાખ નિર્દોષ નાગરિકોની હત્યા થઈ. ચાઈનીઝ વિદ્વાનો – ઇતિહાસકારોનો અંદાજ ત્રણ લાખનો છે. જ્યારે જાપાની સરકારનો માત્ર ચાલીસ હજારનો.

ત્રણસો મીટર લાંબી પાંચ મીટર પહોળી એક ખાઈમાં દસ હજાર નાગરિકોને ક્રૂર રીતે મારી આ સામૂહિક કબરમાં દાટી દેવામાં આવ્યા.

યુદ્ધ પછીના હત્યાકાંડના મોટાભાગના દસ્તાવેજોનો વ્યવસ્થિત નાશ કરાયો.

ચીનમાં જાપાનું લશ્કર અત્યાચારો કરતું હતું. તેનો અણસાર સુધ્ધાં જાપાનની પ્રજાને ન થાય તે રીતે સમાચારે છુપાવવામાં આવ્યા. બીજા વિશ્વયુદ્ધ પછી નાઝી અત્યાચારીઓ સામે જેમ 'ન્યુરેનબર્ગ ખટલો' ચલાવવામાં આવ્યો તે રીતે દુરપૂર્વ અને ચીનમાં જાપાને આચરેલા અત્યાચારીઓ સામે ટોક્યો ખટલો ચલાવવામાં આવ્યો. ખટલો ચાલ્યો ત્યાં સુધીમાં કેટલાંક અત્યાચારી જાપાની ઓફિસરો તો ક્યારનાય મૃત્યુ પામ્યા હતા. જાપાનના જનરલ માત્સુઈ અને લેફ્ટનન્ટ જનરલ હીસાઓ તાનીને કસૂરવાર ઠેરવી ફાંસી અપાઈ પણ આ હત્યાકાંડમાં જેની સીધી ને મુખ્ય ભુમિકા હતી તે પ્રીન્સ ઓસાકાને રાજવી પરિવારના સભ્ય હોવાને લીધી જાપાન સાથે થયેલી સંધિ મુજબ મુક્તિ આપવામાં આવી.

તે પછીના વરસોમાં બદલાયેલી રાજકીય પરિસ્થિતિ અને બંને દેશો વચ્ચે વિકસેલા વ્યાપારી અને રાજદ્વારી સંબંધોને કારણે ઇતિહાસનું આ કરૂણ પ્રકરણ જાણી જોઈને ભૂલી જવામાં આવ્યું. ને પછી છેક 1985માં આ હત્યાકાંડમાં મૃત્યુ પામેલા બે લાખ નિર્દોષ નાગરિકોની સ્મૃતિમાં નાનકીંગ મેમોરિયલ હોલનું નિર્માણ કરી સ્મારક અને સંગ્રહસ્થાન બનાવવામાં આવ્યું. 1995માં જાપાનના શાસને આ હત્યાકાંડ અંગે માત્ર મૌખિક માફી માગી પણ કશી લિખિત કબુલાત ન કરી. પણ તે પછીના વરસોમાં મૂળ ચીની પરંતુ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અમેરિકા સ્થાયી થયેલી લેખિકા આઈરીસ ચાંગે 1997માં The Rape of Nanking – 'નાનકીંગ પર બળાત્કાર' શિર્ષક હેઠળ પુસ્તક બહાર પાડયું ત્યારે

સાચી રીતે એ હત્યાકાંડ વિશ્વના માધ્યમોમાં પ્રકાશમાં આવ્યો. આ અત્યાચાર પર તે પછી તો 'બેટલ ઓફ ચાઈના', 'બ્લેક સન', 'ડોન્ટ ક્રાય નાનકીંગ', ચીલ્ડ્રન ઓફ હોં શી', 'સીટી ઓફ લાઈફ એન્ડ ડેથ', જોહન રાબે' જેવી અનેક ફીલ્મો અને ડોક્યુમેન્ટરીઓ બની. આજે ચીન કે જાપાન એક દેશ તરીકે ભલે એ ઘટના ભૂલી જવા ઇચ્છતા હોય પણ મૃતકોના સંબંધીઓ અને ઇતિહાસ એ ઘટના ભૂલી ન શકે.

■

# નાનકીંગ હત્યાકાંડ – ભાગ -2
# તેણે કેમ આત્મહત્યા કરી?

**નાનકીંગ** હત્યાકાંડ અત્યંત ક્રૂર, ભયાનક અને કરૂણ હતો. આ દાનવીય હત્યાકાંડના દારૂણ સમયમાં જ કેટલાંક સજ્જનો દેવદૂતોની જેમ ક્યાંકથી ઊતરી આવ્યા, અને સેવા-કરૂણા-પ્રેમની શીળી જ્યોત પાથરી વિલિન થઈ ગયા, તેમાંનો એક જહોન રાબે. હેમ્બુર્ગમાં જન્મેલો જહોન વ્યવસાયના કામે 1908માં ચીન આવ્યો ને 1920માં નાનકીંગની સીમેન્સ કંપનીનો મેનેજર બન્યો 1933માં રાબે જર્મન નાઝી પાર્ટીમાં જોડાયો. ચીયાંગ-કાઈ-શેકની નેશનલીસ્ટ પાર્ટી અને ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટીના આંતરવિગ્રહ દરમિયાન 1937માં જાપાને ચીન સામે બીજું યુધ્ધ છેડયું અને મંચુરિયાની સાથે શાંઘાઈ અને તે સમયના ચીનના પાટનગર નાનકીંગ પર કબજો કર્યો. 1937 ડિસેમ્બરમાં જાપાની લશ્કરે નાનકીંગ પર કબજો કર્યા પછી શહેરમાં અમાનુષી અત્યાચાર આચરવો શરૂ કર્યો. આ લડાઈ સમયે સીમેન્સ કંપનીએ જહોનને ચીન છોડી જવાની સલાહ આપી, પણ લગભગ બે દસકાથી ચીનમાં રહેલા જહોનને ચીન અને તેના લોકો સાથે એવી માયા બંધાઈ ગઈ હતી કે પોતાના પરિવારને જર્મની મોકલી પોતે એ અરાજકતાભર્યા દિવસોમાં

નાનકીંગ જ રહ્યો. નાનકીંગમાં રહી જર્મન – અમેરિકન મીશનરીઓ, ડૉક્ટરો અને વેપારીઓ સાથે મળી શાંઘાઈની જેમ ‘ટેમ્પરરી સેફટી ઝોન’ – કામચલાઉ સુરક્ષા ઝોન શરૂ કર્યો. એ માટે નિમાયેલી પંદર વ્યક્તિની કમિટિનો તે હેડ હતો. વિદેશી દૂતાવાસો, આવાસો અને શિક્ષણસંસ્થાઓવાળો એ નાનકડો ઝોન એટલા માટે સુરક્ષિત હતો કે એ વિસ્તારમાં વિદેશી આવાસો હોઈ, એક સમજૂતી પ્રમાણે જાપાનીઝ લશ્કરની દખલગીરી ખૂબ ઓછી હતી.

શહેરના બાકીના ભાગમાં જાપાનીઝ લશ્કરે કાળોકેર વર્તાવ્યો. ઘરો લૂંટયા, હજારો સ્ત્રીઓ પર બળાત્કારો કર્યાં ને લાખો લોકોને વીંધીને, સળગાવીને, જીવતા દાટીને, ડૂબાડીને માર્યા. ધીમે ધીમે હજારો લોકોએ ‘સેંફટી-ઝોન’માં આશ્રય લીધો. જહોન રાબેએ શરણાર્થી ચાઈનીઝ નાગરિકો માટે 24 હોસ્ટેલ ઊભી કરી. કમિટિના પૈસે તેમની રહેવાની, ખોરાક, કપડાંની અને સુરક્ષાની વ્યવસ્થા કરી. સુરક્ષિત ગણાતા આ વિસ્તારમાં જો જાપાનીઝ સૈનિકો ઘુસી આવતા તો રાબે લક્ષ્મમરેખાની મર્યાદા જાળવી અંદર પ્રવેશ ન કરવા વિનંતી કરતો. જાપાન-જર્મની વચ્ચે સંધિ હોવાથી નાઝી સ્વસ્તિકવાળા વાવટાઓ ફરકાવી શરણે આવેલા નાનકીંગના લોકોનું રક્ષણ કરતો. યુરોપમાં તે સમયે આંતકનું પ્રતીક બની ગયેલો સ્વસ્તિક અહીં સાચા અર્થમાં શુભ અને શાંતિનું પ્રતીક બન્યો. જાપાનીઝ સૈનિકોના અમાનુષી અત્યાચાર વિશે તેણે જર્મનીની નાઝી પાર્ટીને પણ લખ્યું, પણ ત્યાંથી કોઈ પ્રતિભાવ ન આવ્યો. એક સારા નાઝી તરીકે શીંડલરે હજારો યહૂદીઓને બચાવ્યા તેમ જહોન રાબેએ નાનકીંગ સેફટી ઝોનમાં આશ્રય લઈ રહેતા અઢી લાખ જેટલા ચાઈનીઝ શરણાર્થીઓનો જીવ બચાવ્યો. 1938માં બધું થાળે પડયું પછી શાંઘાઈ થઈ જર્મની ગયો. ત્યાં જાપાનીઝ અત્યાચારોના – ફોટા બતાવ્યાં ને વ્યાખ્યાનો આપ્યા. પોતે નાઝી હોવા છતાં જર્મન ગેસ્ટાપોએ ફિલ્મ અને ફોટાઓ જપ્ત કરી તેને પકડી જેલમાં નાખ્યો. સીમેન્સ કંપની વચ્ચે પડી ને તેને છોડાવ્યો, પણ એ શરતે કે જર્મનીમાં નાનકીંગ અત્યાચાર અંગે વ્યાખ્યાનો આપવાનું બંધ કરે. જપ્ત થયેલાં ફિલ્મ અને ફોટોગ્રાફ તેને પાછા ન મળ્યા. યુધ્ધ પછી તેના નાઝી સંબંધને કારણે પહેલા રશિયાએ પછી બ્રિટનની સરકારે તેને પકડયો પણ કશું હાથ ન લાગતાં છોડી દીધો. તે પછી તેણે અફઘાનિસ્તાન અને બર્લીનમાં નોકરી કરી પણ લગભગ ગરીબીમાં મર્યો. નાનકીંગ હત્યાકાંડમાં તેણે જે માનવીય ભૂમિકા ભજવેલી તેની કદરરૂપે તત્કાલીન ચાઈનીઝ સરકાર તેને આર્થિક મદદ કરતી રહી, પણ ચીનમાં સામ્યવાદી સરકાર આવ્યા પછી તે પણ બંધ થઈ. જો કે

તે પછીની ચાઈનીઝ સરકારે 1997માં જહોનનો કબર લેખ બર્લીનથી લઈ આવી માનભેર નાનકીંગમાં સ્થાપ્યો. જહોન રાબે જે મકાનમાં રહેતો હતો તે મકાનનું સમારકામ કરી 'જહોન રાબે સંગ્રહસ્થાન' સ્થાપી ચાઈનીઝ પ્રજાએ સ્વજન જેવા આ પરદેશી પ્રત્યેનું ઋણ અદા કર્યું. નાનકીંગ હત્યાકાંડ સમયની જહોન રાબેની 800 પાનાંની ડાયરી એ અત્યાચાર અંગેની મહત્ત્વની અધિકૃત માહિતીનો આધાર બની જે પછીથી પ્રકાશિત થઈ અને તેને આધારે 'જહોન રાબે' ફિલ્મ પણ બની.

નાનકીંગ હત્યાકાંડ સમયે હજારો ચાઈનીઝ યુવતીઓ, સ્ત્રીઓને બચાવનાર એક અમેરિકન યુવતી હતી મિનિ વોલ્ટ્રીન. અમેરિકના ઇલિનોઈમાં ભણેલી એ યુવતી 1912માં મિશનરીમાં જોડાઈ. નારીશિક્ષણના કામ માટે ચીનના નાનકીંગમાં આવીને વસી. અહીં તેણે 'જીંગલીંગ ગર્લ કોલેજ'ની સ્થાપના કરી. ચીન-જાપાન યુધ્ધ સમયે અમેરિકન એમ્બસીએ તેને પણ ચીન છોડી જવાની સલાહ આપી હતી પણ તે સલાહ અવગણી તેણે નાનકીંગમાં રહી દુઃખિયારી સ્ત્રીઓને મદદ કરવાનું નક્કી કર્યું. માત્ર 200 થી 300 સ્ત્રીઓ રહી શકે તેવી હોસ્ટેલમાં તેણે જાતના ભોગે દસહજાર જેટલી સ્ત્રીઓને જાપાનીઝ સૈનિકોથી રક્ષણ પૂરું પાડયું. નાનકીંગમાં યુરોપિયનોએ સ્થાપેલા 'નાનકીંગ સેફટી ઝોન'માં રહી તેણે દસહજાર સ્ત્રીઓની જવાબદારી લઈ તેને બચાવી. એ વિસ્તારમાં પ્રવેશતા જાપાનીઝ સૈનિકોને ક્યારેક સમજાવટથી તો ક્યારેક અમેરિકન ફલેગ દેખાડી દૂર રાખ્યા. પોતાની નજર સામે જ હજારો સ્ત્રીઓને લૂંટાતી ભોગવાતી જોઈ, તેની નોંધ તેણે પોતાની ડાયરીમાં રાખી. આ હત્યાકાંડથી તે હચમચી ઊઠી. 1938માં તેણે નોકરીમાંથી વિરામ લીધો અને અમેરિકા આવી. અમેરિકામાં પણ તેણે જોયેલા ભયાનક હત્યાકાંડની ભૂતાવળે તેનો પીછો ન છોડ્યો. પોતે વધુ સ્ત્રીઓને બચાવી ન શકી તેનો વસવસો પણ તેને સતાવતો રહ્યો. આવી મનોયંત્રણામાં તે માનસિકરોગ – ડીપ્રેશનનો શિકાર બની. આવી મનોયાતનામાં જ 1940માં પોતાના જ એપાર્ટમેન્ટમાં ગેસસ્ટવથી સળગી મરી તેણે આત્મહત્યા કરી. ચાઈનીઝ સરકારે મિનિ વોલ્ટ્રીનને 'એમ્બ્લમ ઓફ બ્યુ જેડ' ઍવોર્ડથી મરણોત્તર નવાજી નાનકીંગ અત્યાચાર વખતે તેણે કરેલી સેવાની કદર કરી. નાનકીંગ હત્યાકાંડના દાયકાઓ પછી એ હત્યાકાંડ વિશે વિશ્વ આખાને તો જાણ થઈ અમેરિકન ચાઈનીઝ લેખિકા આઈરીસ ચાંગના 1998માં છપાયેલ પુસ્તક 'રેપ ઓફ નાનકીંગ' થકી. આઈરીસના માતાપિતા બીજા વિશ્વયુધ્ધ સમયે ચીનમાંથી તાઈવાન થઈ ભાગી છૂટી અમેરિકામાં સ્થાયી થયેલાં. નાનપણથી જ

આઈરીસ તેમની પાસેથી નાનકીંગ હત્યાકાંડ વિશે સાંભળતી આવેલી. એ પછી તેને આખી ઘટનામાં રસ પડતાં જહોન રાબે અને મિનિ કેલ્ટ્રીનની ડાયરીઓ વાંચી અને નાનકીંગ હત્યાકાંડ વિશે સંશોધન કરી 1998માં પુસ્તક લખ્યું 'રેપ ઓફ નાનકીંગ.' આ પુસ્તકને રાતોરાત જ પ્રસિદ્ધિ મળી અને ચાર મહિનામાં જ તેની સવાલાખ નકલો ખપી ગઈ. થોડા સમયમાં જ વેચાણનો આંકડો પાંચ લાખ સુધી પહોંચ્યો. એક ભુલાઈ જવા આવેલા આવા નિર્દય હત્યાકાંડની વિશ્વને પહેલી વાર જ જાણે કે જાણ થઈ. આઈરીસ ચાંગ રાતોરાત પ્રસિધ્ધ થઈ ગઈ, પણ આ પુસ્તકે જ તેનો ભોગ લીધો. પુસ્તક પ્રસિધ્ધ થયા પછી તેને ફોન પર ખૂનની ધમકીઓ મળવા લાગી. તેની કાર પર પણ કોઈ જાસાચીઠ્ઠી ચોડી જતું. જેમાં તેને મારી નાખવાની ધમકી જ રહેતી. તેને સતત એવી આશંકા રહેતી કે કોઈ તેની પાછળ પડ્યું છે. મિનિ વોલ્ટ્રીનની જેમ તે પણ ડીપ્રેશન, સાયકોસીસ અને પેરેનોઈડ કોમ્પલેકસનો ભોગ બની અને 2004માં તેણે પણ આ મનોયાતનાથી છૂટવા આત્મહત્યા કરી. આમ નાનકીંગ હત્યાકાંડના સીત્તેર વર્ષ પછી તે હત્યાકાંડનો છેલ્લો ભોગ બની.

■

# ધ ફલાવર્સ ઑફ વૉર : યુદ્ધમાં ખીલેલા પુષ્પો - વારાંગનાઓ બની વીરાંગના

**દરેક** યુધ્ધ હિંસા, હત્યા, પીડા અને તારાજી જ નોતરે છતાં 'યુધ્ધસ્ય કથા રમ્યા' કેમ કહ્યું હશે? તેવો સવાલ નિરંજન ભગતને વરસો પહેલાં પુછ્યો હતો, તેમનો જવાબ કંઈક આવો હતો. અહીં રમ્ય એટલે સુંદર નહીં પણ રસ પડે તેવું એવો અર્થ લેવાનો. યુધ્ધ જેવી કટોકટીની વેળાએ જ માણસની માણસાઈ સરાણે ચડે, એ ક્રાઈસીસના સમયે જ માનવમાં રહેલા ઝેરની સાથે તેનું હીર, અધમતા સાથે સાથે ઉદાત્તતા, અને ક્રુરતાની સાથે સાથે કરૂણા પણ બહાર આવે માટે 'યુધ્ધસ્ય કથા રમ્યા'. છેલ્લી સદીમાં થયેલા નરસંહાર પરની જે ફિલ્મો જોઈ એમાં એક નાનકીંગ હત્યાકાંડની પશ્ચાદ્‌ભૂમાં બનેલી 'ધ ફ્લાવર્સ ઑફ વૉર' જોતાં એ વાતની પ્રતિતિ થઈ. ગેલીંગ યાનની નવલકથા '13 ફ્લાવર્સ ઓફ નાનકીંગ' નવલકથા પરથી ડાયરેકટર ઝાંગ યિમોવુ દિગ્દર્શિત આ ફિલ્મને ચીન તરફથી 84માં એકેડેમી ઍવોર્ડ માટે ફોરેન લેંગ્વેઝ – પરદેશીભાષા કેટેગરીમાં પસંદ કરવામાં આવી હતી પણ દુર્ભાગ્યે તેમાં શામેલ ન થઈ શકી. જોકે આ ફિલ્મને બીજા ઘણાં ઍવોર્ડઝ મળ્યા.

આપણને નવાઈ લાગે પણ આજે મહાસત્તા બનેલું બળુકુ ચીન

એક સમયે એવું નબળું હતું કે તેને નાનકડા એવા જાપાનના હાથે બે બે વાર હાર સહન કરવી પડી. એ બંને વચ્ચેનું છેલ્લુ યુધ્ધ 1937નું યુધ્ધ નાનકીંગ હત્યાકાંડ રૂપે હંમેશા ચીનને યાદ રહેશે. એ સમયગાળામાં ચીને તેનું પાટનગર નાનકીંગ ખસેડ્યું હતું. જાપાનીઝ આર્મીએ બેજીંગ પર કબજો જમાવ્યા પછી પાટનગર નાનકીંગ પર પોતાનો વાવટો ફરકાવ્યો. લાખો વ્યક્તિઓને – મોટાભાગના નિર્દોષ નાગરિકોને ક્રુર રીતે માર્યા ને તેમના લોહીનીંગળતા મડદા નદીમાં વહાવી દીધાં. સૈનિકોએ પોતાની શારીરિક ભૂખ સંતોષવા અનેક સ્ત્રીઓ પર બળાત્કાર ગુજારી તેમની હત્યા કરી. આ હત્યાકાંડમાં પરદેશીઓ નાનકીંગના જે વિસ્તારમાં રહેતા હતા તે પ્રમાણમાં સુરક્ષિત હતો ત્યાં જાપાનીઝ સૈનિકોની રંજાડ ઓછી હતી. ફિલ્મની પૂર્વભૂમિકા રૂપે આટલું જાણ્યા પછી હવે ફિલ્મમાં પ્રવેશ.

નાનકીંગના પરદેશીઓ માટેના સુરક્ષિત કેન્ટોનમેન્ટ વિસ્તારમાં આવેલા એક કેથોલિક ચર્ચના પાદરી મૃત્યુ પામ્યા છે. તેમની દફનવિધિ ધાર્મિક રિતિ રીવાજ પ્રમાણે થવી જોઈએ. પાદરીની દફનવિધિ માટે દફનક્રિયાના કામના નિષ્ણાત એક અમેરિકન જહોનને બોલાવવામાં આવ્યો છે. ચારે તરફ સામ સામે ગોળીબાર અને હેન્ડ ગ્રેનેડના ધડાકા. ગમે તે ક્ષણે ભોગ બની જવાય. શેરીઓ, ગલીઓ, મહોલ્લાઓ વટાવતો વટાવતો ભંગારના ઢગલા વચ્ચે જાતને બચાવતો જહોન માંડ માંડ ચર્ચ પહોંચ્યો. ચર્ચમાં માત્ર એક દસ બાર વરસનો કિશોર જ છે. મૃત પાદરીએ એ અનાથને પોતાની પાંખમાં લઈ પ્રેમથી ઉછેરેલો – નામ તેનું જ્યોર્જ. જહોન ચર્ચમાં આવ્યો ને જ્યોર્જે ચર્ચના મોટા કમાડ બંધ કર્યા. એ દરમ્યાન જ કોન્વેન્ટ સ્કુલની છોકરીઓ જીવ બચાવી ચર્ચમાં આશરો લેવા આવી. ચારેકોરના ગોળીબારમાં એક ચાઈનીઝ સૈનિક છુપાઈને જાપાનીઝ સૈનિકો પર ગોળીબાર કરી તેમને રક્ષણ પૂરૂં પાડી રહ્યો હતો. છોકરીઓએ ચર્ચના દરવાજા ખખડાવ્યા, દરવાજા ખુલ્યા અને બધી ચર્ચમાં ભરાઈ. છેલબટાઉ રંગીન મિજાજી રખડુ જહોનને તો ચર્ચમાં જલ્સા પડી ગયા. આવી પરિસ્થિતિમાં તેને દારૂનું પીઠું મળી ગયું. જોઈએ એ પ્રકારનો જોઈએ એટલો દારૂ, અને પહેરવા માટે મોંઘા મોંઘા સુટવાળો આખો વોર્ડરોબ. આ ટ્રેન્ડી જ્યોર્જ તો ખજાનો હાથ લાગ્યો હોય તેટલો ખુશ.

હજી તો કોન્વેન્ટની છોકરીઓ ચર્ચમાં ભરાઈ તેના થોડા સમયમાં ફરી ચર્ચના બારણા ધડધડ્યા. જ્યોર્જે બારણા વચ્ચેની જગ્યામાંથી જોયું તો હાથમાં સુટકેસો લઈ ઉભેલું ગભરાયેલું ચિચિયારી પાડતું જુવાન વેશ્યાઓનું ટોળું. મોંઘાદાટ

રંગરંગીન વેસ્ટર્ન ડ્રેસ પહેરેલી અને ભારે મેઈક-અપ કરેલી વેશ્યાઓને જોઈ જ્યોર્જે દરવાજા સજ્જડ ભીડી દીધા. જો અંદર આવવા દેશે તો તેનો અણધાર્યો બદલો વાળી દેશે તેવી ખાત્રી વેશ્યાઓએ આપી પણ દરવાજા ન ખુલ્યા. જીવ બચાવવા ભાગેલી વેશ્યાઓ ગાંજી જાય તેમ ન હતી. તેમણે તો હાથમાં રહેલી બેગોનો ચર્ચના કમ્પાઉન્ડમાં ઘા કર્યો અને એક પછી એક કમ્પાઉન્ડની દિવાલ પર ચડી, ઠેકડો મારી ચર્ચના કમ્પાઉન્ડમાં ખાબકી. બીજા માળે બાલ્કનીમાં દારૂ ઢીંચી બહાર પગ લટકાવી બેઠેલા જ્હોને આછી સીટી મારી બધીને આવકારી. ચર્ચમાં એક ફુટડા ગોરા જુવાનને જોઈ એ બધી પણ ખુશ ખુશ. વેશ્યાઓની લીડર યુ મો અંગ્રેજી જાણતી. એ કોન્વેન્ટ સ્કુલમાં ભણેલી પણ સંજોગોએ તેને વેશ્યા બનાવી. સુંદર યુ મો અને ફુટડા જ્હોન વચ્ચે તારામૈત્રક રચાયું અને અનિશ્ચિત ભાવિ વચ્ચે પણ પ્રેમમાં પડ્યા.

આ તરફ ચર્ચમાં આશ્રય લેવા આવેલી વેશ્યાઓને ગભરૂ કિશોરીઓ તિરસ્કારથી જોઈ રહી. તેમણે મનોમન વિચાર્યું હશે કે આપણે આવી સ્ત્રીઓ સાથે રહેવાનું? એ છોકરીઓએ તો પોતાના રૂમના બારણાં ભીડી દીધાં. બાથરૂમનો ઉપયોગ કરવા વેશ્યાઓએ બારણાં ખખડાવ્યાં પણ છોકરીઓએ ન ખોલ્યાં. અંતે આપદ્ધર્મ સ્વીકારવો જ પડ્યો. બધાએ સાથે મળી રાતનું ભોજન બનાવ્યું. એટલામાં બહાર રહેલો એ બહાદુર ચીની સૈનિક અંદર આવ્યો. તેના ખભે હતો લોહી નિંગળતો ધૂળ રેતીથી રગદોળાયેલો બેભાન ચીની સૈનિક. બહાર તો મરી જ જાત. ચર્ચમાં થોડી સારવાર પામે તો બચી જાય, તેમ માની તેને અંદર લાવેલો. ભયની મારી છોકરીઓ તો ચિચિયારી પાડી ઊઠી. જોકે એક વેશ્યાએ તેનો ચહેરો લુછયો, બીજીએ પોતાનું કપડું ફાડી પાટો બાંધ્યો. કુમળા ચહેરાવાળા સૈનિકની સેવા કરતાં કરતાં જ એક વેશ્યા તેના પ્રેમમાં પડી – એ વિફળ જશે તેમ જાણવા છતાં.

અત્યાર સુધી મોજ-મજા મજાક-મસ્તી કરતો છેલબટાઉ લોફર જેવો લાગતો જ્હોન જાણે પાદરીનો લાંબો કોટ પહેરતાં જ બદલાઈ ગયો. સ્ત્રીઓના બે બે ગ્રુપના રક્ષણની જવાબદારી તેની ઉપર છે તેનું ભાન થયું. ચર્ચની શાંતિનો ભંગ થયો ગોળીબારના અવાજોથી. જાપાનીઝ સૈનિકો અંદર ઘસી આવ્યા. છોકરીઓમાં નાસભાગ મચી ગઈ. ભયભીત થઈ ભાગતી સંતાતી એક છોકરી જાપાનીઝ સૈનિકને હાથ લાગી, ઝનુનપૂર્વક હેવાનિયત આચરવા જાય ત્યાં તો ટુકડીનો કર્નલ હોસેગાવા ચર્ચમાં આવ્યો. જ્હોને ઈશ્વરના મંદિર સમા ચર્ચમાં હિંસા હેવાનિયત ન આચરવા વિનંતિ કરી. સંગીતના રસિયા કર્નલ

માટે કોન્વેન્ટ છોકરીઓએ પરિસ્થિતિ પામી જઈ હોસેગાવા માટે કોરલ ગાયું. કર્નલ ખુશ થયો. ચર્ચને પુરતું સૈનિક રક્ષણ મળશે તેવી હૈયાધારણ આપી અને બીજા દિવસે મિલટરીના ફંકશનમાં ગાવા માટે છોકરીઓને આમંત્રણ આપતો ગયો. સૈનિકોએ છોકરીઓની ગણત્રી કરી. તેર થઈ. સંજોગ વશાત એવું બન્યું કે જાપાનીઝ સૈનિકો ચર્ચમાં આવ્યા ત્યારે બધી વેશ્યાઓ ભંડકિયામાં સંતાઈ ગયેલી પણ એક બહાર રહી ગયેલી. તેરની ગણત્રીમાં બાર છોકરીઓ સાથે તેરમી તરિકે એ વેશ્યા ગણાઈ ગયેલી. કર્નલનું આમંત્રણ એટલે હુકમ કે સમન્સ. જવું જ પડે. જાપાનિઝ સૈનિકો સાથે જાપાની લશ્કર સાથે ભળી ગયેલો એક ચાઈનિઝ પણ હતો – તેની કોન્વેન્ટમાં ભણતી દિકરી અહીં જ છુપાયેલી. દીકરી દેશદ્રોહી બાપ સામે જોવા પણ તૈયાર ન હતી. બાપ તો જાતને બચાવવા જ મળતિયો થઈ ગયેલો હવે તેની ચિંતા તેની છોકરીને બચાવવાની હતી. જ્હોને ચર્ચના કમ્પાઉન્ડમાં લગભગ હાડપીંજર જેવી થઈ ગયેલી ટ્રકને જોઈ હતી. પાસેના પીપમાં ડીઝલ તો હતું પણ ટ્રકના ટાયર – ટ્યૂબ સ્પેરપાર્ટનું શું? જ્હોને પેલા ચીની બાપને સાધી બધા સ્પેર પાર્ટ પુરા પાડવા ઓફર કરી. બાપે સ્પેરપાર્ટ પુરા પાડવાનું કબુલ રાખી તેની દિકરીને બચાવવાનું વચન લીધું. જો ટ્રક રીપેર થઈ જાય તો તેમાં છોકરીઓને સંતાડી ચર્ચ બહાર સલામત જગ્યાએ લઈ જઈ શકાય.

આ તરફ ભયભીત છોકરીઓ જાપાનિઝ સૈનિકોના હવાલે થશે તો ભુખ્યા વરૂઓ જેવા સૈનિકો તેમની શી દશા કરશે તે વિચારથી ફફડી ઊઠી. એકે વિચાર વહેતો મુક્યો કે દુશ્મનોને હાથે ચડવા કરતાં તો ચર્ચના ટાવર પર ચડી ત્યાંથી કુદી પડવું સારૂં. એક પછી એક છોકરીઓ ચર્ચના ટાવર પર ચડી ત્યાં તો જ્હોન અને પેલી વેશ્યાઓ આવી ચડી. વેશ્યાઓએ એ છોકરીઓ ને બદલે પોતે મિલ્ટ્રી ફંકશનમાં જશે તેવી ખાત્રી આપી વિનંતિ કરી છોકરીઓને નીચે ઊતારી. દેહના વેપારમાં વગોવાઈ ગયેલી વારાંગનાઓનું વીરત્વ પ્રગટ્યું. છોકરીઓ તો જોઈ રહી – જે વેશ્યાઓને પોતાના બાથરૂપ વાપરવાની છૂટ નહતી આપતી તે વેશ્યાઓ આજે તેમના માટે કુરબાની આપવા તૈયાર થઈ ગઈ! આ તે કેવો સંબંધ કેવો ત્યાગ!

ખરો પ્રશ્ન હવે એ હતો કે આ યુવાન વેશ્યાઓને કિશોરવયની છોકરીઓ બતાવવી કોઈ રીતે? ક્યાં આ નિર્દોષ છોકરીઓ ક્યાં આ વરણાગી વેશ્યાઓ! છોકરીઓની છાતી અલ્પવિકસીત જ્યારે આ યુવા વેશ્યાઓની ભરાવદાર. સ્કુલનો ડ્રેસ પહેરી જોયો પણ ચડ્યો જ નહીં. તેમની લીડર યુ મોએ એક

આઈડિયા કર્યો ચર્ચની બારીઓ ના પડદાઓ ચીરી તેના લાંબા પટ્ટા દરેકની છાતીએ કસકસાવીને વિંટ્યા – હવે તેમની છાતી કિશોરીઓ જેવી થઈ ગઈ. પણ આ લાંબા ઘુંઘરાળા વાળનું શું? અંતિમવિધિમાં નિષ્ણાત જ્હોને કેશકર્તન ને મેઈકઅપ કરતા આવડતું તે કલા તેણે કામે લગાડી. દરેકના વાળ સાવ ટુંકા એકસરખા કાપી ચહેરાને મેઈક-અપ કર્યો. હવે તેઓ અદલ સ્કુલ છોકરીઓ જેવી જ લાગતી હતી. આ વેશ્યાઓ પુરૂષોને વશ કરવામાં કુશળ છતાં ક્રુર જંગલી જાપાનીઝ સૈનિકોનો ભરોસો નહીં. તેથી દરેકે ચર્ચની બારીના કાચ તોડી તેની લાંબી કટાર બનાવી ભેટમાં છુપાવી રાખી. સમય આવે તેને હુલાવી દેવાય અને સૈનિકોને હાથે ક્રુરતાથી વીંખાવા કરતાં તો કટાર પોતાના જ પેટમાં હુલાવી સ્વમાનભેર મરી શકાય. હવે બીજો પ્રશ્ન એ હતો કે જાપાનીઝ સૈનિકોએ કુલ તેર છોકરીઓ ગણેલી તેમાં એક વેશ્યા પણ હતી જ્યારે કુલ વેશ્યાઓ તો બાર જ હતી. આ સમસ્યાનો ઉકેલ ચર્ચમાં રહેતા નિર્દોષ કિશોર જ્યોર્જે કાઢ્યો. તેણે એક સ્કુલગર્લ તરીકે વેશ્યાઓ સાથે જવાની તૈયાર બતાવી. ફરી જ્હોનની કલા કામ લાગી વેશ્યાઓના કાપેલા વાળ જર્યોર્જના માથે ચોંટાડયા છોકરીઓ જેવો મેઈકઅપ કર્યો. એટલે તે સ્કુલગર્લ જેવો જ લાગવા માંડ્યો. નિશ્ચત સમયે જાપાનીઝ મિલટરીવાન આવી અને એ બધી વેશ્યાઓ અને જ્યોર્જ સ્કુલગર્લના વેશમાં વાનમાં ચડ્યાં.

આ તરફ જાપાનીઝ સૈન્ય સાથે મળી ગયેલા ચાઈનિઝ સૈનિકે પોતાની દિકરીને બચાવવા જ્હોનને કરેલા વાયદા પ્રમાણે વાન રીપેર કરવા જોઈતા સ્પેરપાર્ટસ ટાયર ટ્યૂબ પુરા પાડયા અને નાનકીંગની બહાર નીકળવા ગેઈટ પાસની વ્યવસ્થા પણ કરી આપી. જ્હોને ટ્રકને રીપેર કરી ચાલુ કર્યો. ગેઈટપાસ એક જ વ્યક્તિ માટેનો હતો. જ્હોને લાકડાઓ જોડી ખાલી ખોખાઓ તૈયાર કર્યા અને લાકડાનાએ ખોખાઓમાં છોકરીઓ છુપાવી. આગળના ભાગના ખોખામાં દારૂ બિયરના બાટલા રાખ્યાં. પાદરીનો ડગલો પહેરી ટ્રક હંકારી. ચેક-પોસ્ટ પર સંત્રીએ રોકયો તો ગેઈટપાસ બતાવ્યો સંત્રીને બે ચાર દારૂ બિયરના બાટલા આપી ખુશ કર્યો અને જ્હોને ટ્રકને નાનકીંગ બહાર હંકારી મુકી.

પેલી તરફ જાપાનીઝ મિલિટ્રી કમાન્ડર પાસે પહોંચેલી એ વેશ્યાઓ અને જ્યોર્જનું શું થયું તે દિગ્દર્શકે દર્શકો પર છોડ્યું છે. શકય છે કે એ વારાંગનાઓએ વીરાંગના બની જાપાનીઝ સૈનિકોને રહેંસી પોતે કાચની કટાર હુલાવી આત્મહત્યા કરી લીધી હશે. 'યુધ્ધસ્ય કથા રમ્યા' કેમ તેનો જવાબ છે આ – સંજોગોની સરાણે ચડી છેલબટાઉ રખડુ જ્હોને જવાબદાર પાદરી

બની છોકરીઓને પાંખમાં લઈ તેમનો જીવ બચાવ્યો, અને પેલી વગોવાયેલી વેશ્યાઓએ પોતાના ભોગે કુમળી છોકરીઓને બચાવી, અને હજી તો જીંદગીની શરૂઆત કરનાર નાનકડા કિશોર જ્યોર્જે પણ અજાણ કિશોરીઓ માટે બલિદાન આપ્યું.

*15-7-2015*

■